તહેરાનમાં વિશાળ બિલબોર્ડ પર ટ્રમ્પને કોફીનમાં સૂતેલા બતાવાયા

સાથે જ ધમકીનો ખોફનાક સંદેશ ચિતરવામાં આવ્યો

તેહરાન, તા. ૧૬: વધતા જતા હુમલાઓ વચ્ચે, ઈરાને તેના મુખ્ય એન્ગેલાબ સ્કવેર પર એક વિશાળ બિલબોર્ડ લગાવ્યું છે, જેમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને એક ખુલ્લી કાળી શબપેટીમાં સૂતેલા દર્શાવવામાં આવ્યા છે. આ ભીંતચિત્રમાં ટ્રમ્પ આંખો બંધ કરીને અને વિખરાયેલા વાળ સાથે સૂતેલા દેખાય છે, જેના પર એક ચોંકાવનારો સંદેશ લખ્યો છે - 'અમે ટ્રમ્પને મારી નાખીશું'.

આ ઘટના એવા સમયે બની છે જ્યારે સરકારની નજીકના ઈરાની કટ્ટરપંથીઓએ ભૂતપૂર્વ સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈની હત્યાનો બદલો લેવાની માંગ કરી છે. અમેરિકા પ્રત્યેનો આ દબાયેલો ગુસ્સો ખામેનેઈની સપ્તાહભર ચાલેલી અંતિમ સંસ્કાર વિધિઓ દરમિયાન જોવા મળ્યો હતો, જેઓ સંઘર્ષના પ્રથમ દિવસે માર્યા ગયા હતા. આ વિધિઓ દરમિયાન ઈરાનના શહેરોમાં 'ડેથ ટુ અમેરિકા'ના નારા અને 'કિલ ટ્રમ્પ' ના મોટા પોસ્ટરો જોવા મળ્યા હતા. શબપેટીમાં સૂતેલા ટ્રમ્પના આ વિશાળ બિલબોર્ડને વધતી જતી નિવેદનબાજી તરીકે જોવામાં આવી રહ્યું છે. આ ઈન્સ્ટોલેશનની નીચે એક ચિતરામણ પણ દોરવામાં આવ્યું છે, જેના પર લખ્યું છે "મિનાબના બાળકોની યાદમાં". આમાં એક કન્યા શાળામાં પડેલા મિસાઈલને કારણે માર્યા ગયેલા બાળકોનો સંદર્ભ છે.

CBSEની ત્રીજી ભાષાની નીતિ અંગે સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરી

ધોરણ ૯થી ત્રીજી ભાષા નહીં દાખલ કરવા મૌખિક રીતે કેન્દ્રીય શિક્ષણ બોર્ડને જણાવ્યું, તેને બદલે ધોરણ ૫ કે ધોરણ ૬થી ત્રીજી ભાષા દાખલ કરવા સલાહ આપી

ધોરણ ૯માં અચાનક ત્રીજી ભાષા દાખલ થવાથી વિદ્યાર્થીઓમાં તનાવ વધી શકે છે

નવી દિલ્હી, તા. ૧૬(પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે ગુરુવારે સીબીએસઈ અભ્યાસક્રમ હેઠળ ધોરણ 9 માં ત્રીજી ભાષા દાખલ કરવા સામે ચિંતા વ્યક્ત કરી હતી. કોર્ટે એવી ટિપ્પણી કરી હતી કે તેનાથી વિદ્યાર્થીઓનું તણાવનું સ્તર વધશે અને એવું સૂચન કર્યું હતું કે તેને ધોરણ 5 અથવા ધોરણ 6 માં દાખલ કરવામાં આવે જેથી વિદ્યાર્થીઓ તેનો યોગ્ય રીતે સામનો કરી શકે.

જસ્ટિસ બી.વી. નાગરત્ના અને જસ્ટિસ આર. મહાદેવનની ખંડપીઠે કેન્દ્ર સરકારને મૌખિક રીતે ધોરણ 9 માં ત્રીજી ભાષા દાખલ ન કરવા જણાવ્યું હતું. જસ્ટિસ નાગરત્નાએ કેન્દ્ર તરફથી હાજર રહેલા વકીલને કોર્ટની આ લાગણી સરકાર સુધી પહોંચાડવા માટે જણાવતા કહ્યું કે, "ભારત સરકાર, કૃપા કરીને ધોરણ 9 ના સ્તરથી ત્રીજી ભાષા ન રાખો. તેનાથી વિદ્યાર્થીઓનું તનાવ સ્તર બિનજરૂરી રીતે વધશે.

જો તમે નવી ભાષા દાખલ કરવા માંગતા હોવ, તો કૃપા કરીને તેને ધોરણ 5 અથવા ધોરણ 6 ના સ્તરે દાખલ કરો, પરંતુ ધોરણ 9 ના સ્તરે નહીં. ધોરણ 9 ખૂબ જ તણાવપૂર્ણ હોય છે, અને આ તણાવ ધોરણ 8 થી જ શરૂ થઈ જાય છે.

ટ્રમ્પ પોતાના જૂના નિયમને ફરી સજીવન કરે છે

સરકારી સહાય પર નભતા લોકોને અમેરિકાના ગ્રીન કાર્ડ મળશે નહીં

અરજદારોએ સાબિત કરવું પડશે કે તેઓ અમેરિકા માટે બોજરૂપ બનશે નહીં

આ નિયમ ટ્રમ્પની પહેલી ટર્મમાં લાગુ પડાયો હતો, બાઇડને રદ કર્યો હતો

વૉશિંગ્ટન, તા. ૧૬: ટ્રમ્પ વહીવટીતંત્ર એક એવા નિયમને ફરીથી જીવંત કરી રહ્યું છે જે એવા ઈમિગ્રન્ટ્સને ગ્રીન કાર્ડ આપવાનો ઈનકાર કરી શકે છે જેઓ સરકારી સહાયનો ઉપયોગ કરે છે, જેમાં ફૂડ સ્ટેમ્પ્સ, મેડિકેઈડ, હાઉસિંગ વાઉચર્સ અને અન્ય બાબતોનો સમાવેશ થઈ શકે છે.

પબ્લિક ચાર્જ(જાહેર જવાબદારી અથવા દેશ પર બોજ) તરીકે ઓળખાતી આ નીતિ ગુરુવારે ફેડરલ રજિસ્ટરમાં જોવા મળી હતી અને ૨૦ જુલાઈના રોજ સત્તાવાર રીતે પ્રકાશિત કરવામાં આવશે. આ નીતિ સૌપ્રથમ ફેબ્રુઆરી ૨૦૨૦માં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના તેમના પ્રથમ વહીવટીકાળ દરમિયાન કાયદેસરના ઈમિગ્રેશનને મર્યાદિત કરવાના પગલાં પૈકીના એક તરીકે લાગુ કરવામાં આવી હતી, પરંતુ ડેમોક્રેટિક પ્રમુખ જો બાઇડન સત્તા પર આવ્યા પછી તેને પાછી ખેંચી લેવામાં આવી હતી. આ નીતિ હેઠળ, ગ્રીન કાર્ડ માટેના અરજદારોએ સાબિત કરવું પડશે કે તેઓ દેશ માટે બોજ અથવા જાહેર આશ્રિત બનશે નહીં.

તેનું પુનરાગમન એવા સમયે થયું છે જ્યારે રિપબ્લિકન વહીવટીતંત્ર ગેરકાયદેસર અને કાયદેસર બંને પ્રકારના ઈમિગ્રેશન પર અંકુશ મેળવવા માટે કડક નીતિ લાગુ કરી રહ્યું છે, અને જ્યારે આરોગ્ય સંભાળ તથા ખોરાકની કિંમતો વધી રહી છે. યુ.એસ. સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસે તેના X એકાઉન્ટ પર શેર કરેલી એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ફેડરલ સરકાર આત્મનિર્ભરતાની આવશ્યકતા પર ફરી ભાર મૂકી રહી છે, જાહેર સંસાધનોનું રક્ષણ કરી રહી છે અને સખત મહેનત કરતા અમેરિકન કરદાતાઓના ભોગે નિર્ભરતાને પ્રોત્સાહન આપતી નીતિઓનો અંત લાવી રહી છે. પોસ્ટમાં જણાવાયું હતું કે, પ્રમુખ ટ્રમ્પના નેતૃત્વ હેઠળ, USCIS એ મૂળભૂત સિદ્ધાંતને પુનઃસ્થાપિત કરી રહ્યું છે કે ઈમિગ્રન્ટ્સ પોતાનો ખર્ચ જાતે ઉઠાવવા માટે સક્ષમ હોવા જોઈએ. એજન્સીએ જણાવ્યું હતું કે આ નિયમ ૧૮ સપ્ટેમ્બરથી અમલમાં આવશે.

પ્રિયંકા ગાંધીના ખાનગી સચિવના નામે મોટો ફ્રોડ

વાયનાડ (કેરળ), તા. ૧૬ (પીટીઆઈ): વાયનાડના કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાના ખાનગી સચિવ (પીએસ) તરીકેની ખોટી ઓળખ આપીને એક ઠગે કેરળના સાંસદો અને એક ધારાસભ્ય પાસે પૈસા માંગીને તેમને છેતરવાનો પ્રયાસ કર્યો હોવાનું પોલીસ અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું. પ્રિયંકા ગાંધી વાડ્રાના ખાનગી સચિવ ડી. એસ. રાજકુમાર દ્વારા રાજ્યના પોલીસ વડા અને વાયનાડના પોલીસ અધિક્ષક (એસપી) સમક્ષ નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ફરિયાદ અનુસાર, આરોપીએ નવી દિલ્હી સ્થિત રાજકુમાર તરીકેની ખોટી ઓળખ આપી હતી અને એલાથુરના ધારાસભ્ય કે. વિદ્યા બાલકૃષ્ણન તેમ જ કોંગ્રેસના નેતાઓ અને સાંસદો શફી પરમબીલ અને ડીન કુરિયાકોસનો સંપર્ક કર્યો હતો.

psj
પરચીગર એન્ડ સન્સ જ્વેલર્સ (સ્નેહલભાઈ)
22 Kt (916) સોનાનો આજનો ભાવ
સૌથી ઓછો ભાવ
₹126900 પ્રતિ 10 ગ્રામ
Upto 100% મજુરી ફ્રી
૭ ખાંડવાલા એસ્ટેટ, આસોપાલવની બાજુમાં, પાર્લે પોઈન્ટ, સુરત.
MO : 98251 35630

100% સુધીની છૂટ
દાગીનાની ઘડામણ પર
ડાયમંડ | પ્લેટિનમ | પોલકી | એન્ટિક | ગોલ્ડ
KALAMANDIR
સુવર્ણ મહોત્સવ 4.0
આજનો 22 kt સોનાનો ભાવ
1,29,990/- પ્રતિ ૧૦ગ્રામ
મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી | ભરૂચ | કોસંબા
Contact No. +91 95109 70230
*શરતો લાગુ

પેજ 3

'રામાયણ'ના ટ્રેલર લોન્ચ પહેલાં રણબીર કપૂર કન્જંક્ટિવાઇટિસનો ભોગ બન્યો

મુંબઈ, તા. 16: રણબીર કપૂરની ફિલ્મ 'રામાયણ' વર્ષની બહુ પ્રતીક્ષિત ફિલ્મોમાંની એક છે. ચાહકો આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ટ્રેલર થોડા દિવસોમાં રિલીઝ થવાનું છે. દિલ્હીમાં એક ભવ્ય ટ્રેલર લોન્ચ ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે, પરંતુ ઇવેન્ટ પહેલાં રણવીરની તબિયત બગડી ગઈ છે. અહેવાલ મુજબ, રણબીર કપૂરને કન્જંક્ટિવાઇટિસ (આંખ આવવી) થયો છે. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, રણબીરની પુત્રી રિયાની પણ આંખ આવી હતી. હવે ખુદ અભિનેતાને આંખ આવી છે. જોકે, એક અપડેટ પણ બહાર આવ્યું છે કે, તેની તબિયત ખરાબ હોવા છતાં રણબીર આ કાર્યક્રમમાં હાજરી આપશે.

ગોવિંદાએ મુંબઈમાં બનાવ્યો 16 કરોડનો મહેલ

મુંબઈ, તા. 1: બોલિવૂડના સુપરસ્ટાર ગોવિંદાની પત્ની સુનીતા આહુજા 'લોકઅપ સીઝન 2' માં જોવા મળી હતી. જોકે, હવે તેણે શોમાંથી એક્ઝિટ લઈ લીધી છે. શોમાં તેનો બેબાક અંદાજ જોવા મળ્યો હતો. પરંતુ આજે અમે તમને ગોવિંદા અને સુનીતા આહુજાના ઘરની સફર કરાવવા જઈ રહ્યા છીએ. સુનીતાએ જણાવ્યું કે, તેમનું ઘર ત્રણ ફ્લેટ્સને ભેગા કરીને બનાવવામાં આવ્યું છે. આ ઘરની કિંમત આશરે રૂ. 16 કરોડથી વધુ છે. સુનીતા કહે છે કે, આ ઘરમાં તે લગ્ન કરીને આવી હતી અને અહીં જ તેના બંને બાળકોનો જન્મ થયો હતો. સુનીતા આહુજાએ એ પણ જણાવ્યું કે તેમના બંને બાળકો ટીના અને યશવર્ધનને ઘરના ડેકોરેશનનો ખૂબ જ શોખ છે. તેથી ઘરને ડેકોરેટ તે બંને જ કરે છે. ગોવિંદા અને સુનીતાનું ઘર વાસ્તુશાસ્ત્ર મુજબ બનાવવામાં આવ્યું છે.

ઇમરાન ખાન, સોનાક્ષી સિંહા, ફાતિમા સનાએ વાંગચુકને ટેકો આપ્યો

મુંબઈ, તા. ૧૬: નીટ-યુજી પેપર લીક બાદ સોનમ વાંગચુકની અચોક્કસ મુદતની ભૂખ હડતાળ પર સરકાર પ્રતિક્રિયા આપે તેની આખો દેશ રાહ જોઈ રહ્યો છે. દરમિયાન ૧૬ જુલાઈના રોજ જ્યારે આ હડતાળ ૧૯મા દિવસમાં પ્રવેશી છે ત્યારે અનેક સેલિબ્રિટીઝે આ પ્રખ્યાત શિક્ષણવિદ્-કાર્યકર્તાને પોતાનો ટેકો જાહેર કર્યો છે.

રોહિંગ્યા શરણાર્થીઓની બોટ પલટી જતાં 500થી વધુનાં મોતની આશંકા

સિડની, તા. 16 (એપી): મ્યાનમારના અત્યાચારનો ભોગ બનેલા લઘુમતી રોહિંગ્યા સમુદાયના સભ્યોને લઈ જતી બે બોટ બંગાળની ખાડીમાં પલટી ગઈ હોવાના અહેવાલો બાદ 500થી વધુ લોકોનાં મોતની આશંકા છે. એમ અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું. ઈન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર માઇગ્રેશન (આઈઓએમ) અને યુનાઇટેડ નેશન્સ હાઇ કમિશનર ફોર રેફ્યુજીસ (યુએનએચસીઆર) ના સંયુક્ત નિવેદન અનુસાર, પ્રારંભિક માહિતી મુજબ આ બંને બોટ જૂનના અંતમાં મ્યાનમારના પશ્ચિમી રાજ્ય રાખાઈનથી નીકળી હતી. આ બોટમાં મોટા ભાગે રોહિંગ્યા મુસાફરો સવાર હતા, જેમાં બાંગ્લાદેશની સરહદ પાર શરણાર્થી શિબિરોમાંથી મુસાફરી કરીને આવેલા કેટલાક લોકોનો પણ સમાવેશ થાય છે. એક બોટ, જેમાં લગભગ 250 લોકો સવાર હોવાનું માનવામાં આવે છે, તેનો રવાના થયાના થોડા સમય બાદ સંપર્ક તૂટી ગયો હતો. બીજી બોટ, જેમાં કથિત રીતે 280 લોકો સવાર હતા, તે 8 જુલાઈએ મ્યાનમારના અયિયારવાડી કિનારે ડૂબી ગઈ હોવાની આશંકા છે.

નવા ઈથેનોલ પેટ્રોલ (E20)ના લીધે કાર બગડી ગઈ

ગ્રાન્ડ વિટારા હાઇબ્રિડ એન્જિન ફેલ થતાં મારુતિ સુઝુકીને તગડો દંડ મેન્યુફેક્ચરિંગ ડેટ છુપાવી જૂની ટેક્નોલોજીની કાર વેચી

ગ્રાહકને કાર બદલી આપવા અથવા તેની કિંમત પરત કરવા છત્તીસગઢની કન્ઝ્યુમર કોર્ટનો આદેશ

કાર કંપની આ આદેશને ઉપલી કોર્ટમાં પડકારશે

રાયપુર, તા. ૧૬: દેશભરમાં પેટ્રોલમાં E20 (20 ટકા ઇથેનોલ મિશ્રિત બળતણ) ના વપરાશને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ દરમિયાન છત્તીસગઢના રાયપુરમાં E20 પેટ્રોલના કારણે કારનું એન્જિન બગડવાનો મામલો સામે આવ્યો છે. આ બાબત સાથે જોડાયેલા એક કેસમાં કન્ઝ્યુમર કોર્ટે મારુતિ સુઝુકી ઇન્ડિયા લિમિટેડ અને તેના અધિકૃત ડીલરને જવાબદાર ઠેરવ્યા છે. કોર્ટે આદેશ આપ્યો છે કે ગ્રાહકને નવી કાર આપવામાં આવે અથવા 20 લાખ રૂપિયા પરત કરવામાં આવે. કોર્ટે સ્વીકાર્યું કે ગાડીનું એન્જિન E-20 ફ્યુઅલ માટે અનુકૂળ નહોતું, તેમ છતાં કાર ગ્રાહકને વેચવામાં આવી હતી. કોર્ટે જણાવ્યું કે 45 દિવસની અંદર ગ્રાહકને તે જ મોડલની નવી કાર આપવામાં આવે, જે E-20 ફ્યુઅલને સપોર્ટ કરતી હોય. જો તેમ કરવામાં ન આવે તો કંપનીએ વાહનની પૂરેપૂરી કિંમત આશરે 20.5 લાખ રૂપિયા અને અન્ય ખર્ચ પણ પરત કરવો પડશે. પીડિત ગ્રાહક ડૉ. પ્રેમરાજ દેબતાએ જણાવ્યું કે તેમણે જૂન 2024માં મારુતિ સુઝુકીની નેક્સા ડીલરશીપ પરથી 'ગ્રાન્ડ વિટારા સ્ટ્રોંગ હાઈબ્રિડ ઝેટા પ્લસ' ખરીદી હતી. ખરીદી કરતી વખતે ડીલરે જણાવ્યું હતું કે કાર ડિસેમ્બર 2023માં મેન્યુફેક્ચર થઈ છે, પરંતુ બાદમાં કમિશનના રેકોર્ડ પરથી ખબર પડી કે કાર જાન્યુઆરી 2023માં મેન્યુફેક્ચર થઈ હતી. ડૉ. પ્રેમરાજ દરરોજ 150 થી 200 કિલોમીટર સુધીની મુસાફરી કરે છે, તેથી તેમણે હાઈબ્રિડ ગાડી ખરીદી હતી. શરૂઆતમાં વાહન બરાબર ચાલ્યું, પરંતુ 5 મહિના પછી 11 નવેમ્બર 2024ના રોજ અચાનક ડેશબોર્ડ પર 'એન્જિન માલફંક્શન'નું એલર્ટ આવ્યું અને કાર બંધ થઈ ગઈ. પીડિત ગ્રાહકે પોતાની ગાડી 5 વખત રિપેર કરાવી હતી. દરમ્યાન, મારૂતિ સુઝુકી કંપનીએ જણાવ્યું છે કે તે રાયપુરની જિલ્લા ગ્રાહક કોર્ટના આદેશને ઉપલી ફોરમમાં પડકારશે.

ઉત્તર-પશ્ચિમ ઓન્ટેરિયોના જંગલમાં આગ લાગતા ધુમાડાને લીધે ટોરેન્ટોનું આકાશ ઘેરા નારંગી રંગનું થઇ ગયું હતું. ધુમાડાને કારણે આરોગ્ય સંબંધિત ચેતવણીઓ આપવામાં આવી હતી. ટોરન્ટોની હવાની ગુણવત્તા બુધવારે વૈશ્વિક સ્તરે મોટા શહેરોમાં સૌથી ખરાબ ક્રમ પર રહી હતી.

WE ARE HIRING!
Rajhans Group, one of India's leading diversified business conglomerates with a strong presence across Realty, Confectionery, Entertainment, Hospitality, and Textiles, is seeking a dynamic and analytical professional to strengthen group-level financial operations, and support strategic business growth.
RAJHANS
Group Finance & Accounts Coordinator (CA)
Qualifications: Chartered Accountant (CA)
Experience: 12+ years of progressive experience in Finance & Accounts. Real Estate, FMCG, Hospitality, or Entertainment industry background, with multi-vertical finance expertise preferred.
Key Responsibilities:
• Financial Planning & Analysis (FP&A)
• Budgeting, Forecasting & Variance Analysis
• Group MIS & Management Reporting
• Cash Flow & Working Capital Monitoring
• Financial Controls & Governance
• Business Performance Analysis
• Multi-Business Financial Coordination
• Strategic Financial Planning
• Capex Monitoring & Investment Analysis
• Profitability & Cost Optimization
• Audit & Compliance Coordination
• Dashboard Preparation & Data Analytics
• Cross-Functional Coordination & Stakeholder Management
• Presentation of Financial Insights to Senior Management
Required Skills: Advanced Excel | Power BI | SAP HANA System Knowledge
What We Offer: Competitive compensation & growth opportunities.
Location: Surat, Gujarat
Join Rajhans Group and grow with a legacy of excellence. To apply, share your updated CV at: hr@rajhans.co.in

Ganpat University
॥ વિદ્યયા સમાજોત્કર્ષ: ॥
CENTRE OF EXCELLENCE
NOTIFIED BY GOVERNMENT OF GUJARAT
ADMISSIONS OPEN 2026
Apply Now
125+ Diploma Engineering UG | PG | Ph.D.
8100 61 61 61
admission.guni.ac.in
Admission Inquiry Apply now
Leading Recruiters of Ganpat University By Industry Sectors
IBM, Infosys, HCL Technologies, Infochips, TCS, Deloitte., Capgemini, accenture, SAS, CRED, airtel, Hinduja Leyland Finance, CEAT, Reliance Industries Limited, Tata Motors, MRF, Maruti Suzuki, Hyundai, asianpaints, Berger, Nirma, zydus, torrent Pharma, INTAS, Sun Pharmaceutical Industries Ltd., Dr.Reddy's, adani Renewables, Tata Power, Reliance New Energy, UltraTech, Nestlé, Britannia
શું તમે તમારી કોલેજ બદલવા માંગો છો?
યોગ્ય નિર્ણય લેતા પહેલાં યોગ્ય માર્ગદર્શન મેળવો.
એવી યુનિવર્સિટી પસંદ કરો જ્યાં મળે:
ઉત્તમ પ્લેસમેન્ટ સહાય
પેઈડ ઈન્ટર્નશિપની તક
ઈન્ડસ્ટ્રી-ઓરિયેન્ટેડ સ્કિલ સર્ટિફિકેશન
અનુભવી ફેકલ્ટી અને આધુનિક કેમ્પસ
ઉદ્યોગ સાથે જોડાયેલ પ્રેક્ટિકલ લર્નિંગ
તમારા ઉજ્જવળ ભવિષ્ય માટે આજે જ યોગ્ય માર્ગદર્શન મેળવો અને યોગ્ય યુનિવર્સિટી પસંદ કરો!
વધુ માહિતી માટે કોલ કરો.
+91 72039 66315